## જન્મદિને વધામણી



**કે એ જ્યોર્જ**
વાઈસ પ્રેસીડેન્ટ
પેરીશ કાઉન્સિલ કેથોલિક ચર્ચ, ગાંધીનગર
એમડી
કેપીટલ કો-ઓપ. સોસાયટી, ગાંધીનગર
મો. ૯૪૨૭૩ ૧૪૨૨૫



**પ્રકાશ બી પટણી**
જીવન વીમા સલાહકાર
મો. ૯૮૨૫૧ ૫૩૫૧૬



**ધર્મિષ્ઠા વિષ્ણુભાઈ નાચી**
મો. ૯૪૨૮૯ ૯૮૩૯૨



**નમ્ર વિષ્ણુભાઈ નાચી**
મો. ૯૪૨૮૯ ૯૮૩૯૨



**ચિરાગ ગુણવંતભાઈ ગોહેલ**
મો. ૯૯૨૪૦ ૨૪૬૫૬



**કેનવી કૌશિકકુમાર પરમાર**
મો. ૯૭૨૩૮ ૦૨૮૯૯


**જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.**

**- સંપાદક**

### મહર્ષિ શ્રી અરવિંદ રચિત વિશ્વપ્રસિદ્ધ મહાકાવ્ય

# 'સાવિત્રી' આધારિત જ્ઞાનયજ્ઞ શ્રી અરવિંદ કેન્દ્ર ખાતે યોજાશે

### પથી ૧૨ ડિસેમ્બર દરમ્યાન સાંજે ૬.૩૦થી ૮.૦૦ સુધી આંતરરાષ્ટ્રીય પ્રવક્તા ડૉ. અશ્વિનભાઈ કાપડિયા વક્તવ્ય આપશે




ગાંધીનગર, તા. ૨૭

મહર્ષિ શ્રી અરવિંદ રચિત વિશ્વપ્રસિદ્ધ મહાકાવ્ય 'સાવિત્રી' આધારિત ૪૨૫મા સાવિત્રી જ્ઞાનયજ્ઞનું આયોજન પાંચથી ૧૨ ડિસેમ્બર દરમ્યાન શ્રી અરવિંદ કેન્દ્ર, ગાંધીનગર ખાતે કરવામાં આવ્યું છે.

કેન્દ્રના પ્રમુખ ડૉ. સી કે તન્ના અને મંત્રી આર એન પીઠડિયાએ આ માહિતી આપતાં જણાવ્યું છે કે પથી ૧૨ ડિસેમ્બર દરમ્યાન સાંજે ૬.૩૦થી ૮.૦૦ સુધી શ્રી અરવિંદ કેન્દ્ર, સૅક્ટર-૨૩ ખાતે આ જ્ઞાનયજ્ઞ યોજવામાં આવશે. મહર્ષિ શ્રી અરવિંદ અને પૂ. માતાજીના સાધક તથા 'સાવિત્રી'ના આંતરરાષ્ટ્રીય પ્રવક્તા ડૉ. અશ્વિનભાઈ કાપડિયા આ જ્ઞાનયજ્ઞના વકતા તરીકે ઉપસ્થિત રહેશે. આ પ્રસંગે શ્રી અરવિંદ તથા શ્રી માતાજીના સાહિત્યનું ૨૦ ટકા ડિસ્કાઉન્ટથી વેચાણ કરવામાં આવશે, એમ જણાવી સૌ રસિકોને આ પ્રસંગનો લાભ લેવા તેમણે નિમંત્રણ પાઠવ્યું છે.

# દિલ્હી પબ્લિક સ્કૂલ દ્વારા વિજ્ઞાન પ્રદર્શન યોજાયું



### સાત શાળાઓએ આ પ્રદર્શનમાં ભાગ લઈ પ્રોજેક્ટ્સનું નિદર્શન કર્યું દિલ્હી પબ્લિક સ્કૂલ, ગાંધીનગરને આઉટસ્ટેન્ડિંગ પ્રોજેક્ટની ટ્રોફી

ગાંધીનગર, તા. ૨૭

દિલ્હી પબ્લિક સ્કૂલ, ગાંધીનગરના યજમાનપદે વિજ્ઞાન પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમના અધ્યક્ષપદે ઈન્ડિયન પ્લાઝમા રિસર્ચ ઈન્સ્ટીટ્યુટના ડિરેક્ટર શશાંક ચતુર્વેદી ઉપસ્થિત રહ્યા હતા.

સાત જેટલી શાળાઓએ આ પ્રદર્શનમાં ભાગ લઈને પોતાના અનોખા પ્રોજેક્ટ્સનું નિદર્શન કર્યું હતું. પોદાર ઈન્ટરનેશનલ સ્કૂલ, આધારશિલા સ્કૂલ, ડે ઈન્ટરનેશનલ સ્કૂલ, હિલવૂડ્સ સ્કૂલ, પ્રકાશ સ્કૂલના વિદ્યાર્થીઓ આ વિજ્ઞાન પ્રદર્શનમાં જોડાયા હતા. આઈપીઆર અને ગુજરાત ફોરેન્સિક સાયન્સ ઈન્સ્ટીટ્યુટના ત્રણ વૈજ્ઞાનિકોએ જજ તરીકે પોતાની સેવાઓ આપી હતી.

દિલ્હી પબ્લિક સ્કૂલ, ગાંધીનગરને આઉટસ્ટેન્ડિંગ પ્રોજેક્ટની ટ્રોફી એનાયત કરવામાં આવી હતી. સ્કૂલનાં ડિરેક્ટર રાની ચૌધરી તથા પ્રિન્સિપાલ ઈન-ચાર્જ કમલચંદે વિદ્યાર્થીઓને શાળા પરિવાર વતી બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.

## ડાયરેક્ટ ❤ સે

ટેબલ નીચે થતા લાંબા હાથ
બંધ કરાવવાની જરૂર છે
શિક્ષણવિહોણા બાળકોને
ભણાવવાની જરૂર છે
સમયે સાચો મત દેવાની
અને એકતાની જરૂર છે
રોગોનું મૂળ એવી ગંદગીને
દૂર કરવાની જરૂર છે
વેડફાતું પાણી ને વેડફાતી વીજળીને
બંધ કરવાની જરૂર છે
આપણા સાંસ્કૃતિક વારસાને
સાચવવાની જરૂર છે
બંધ કરવા જેવું ઘણું છે અહીં
એ બંધ કરાવીએ.
દેશ બંધ કરાવવાની
ક્યાં જરૂર છે ?

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૨**
ડિયર જિંદગી
૧૨.૩૦, ૩.૩૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૩**
ડિયર જિંદગી
૧.૪૫, ૪.૩૦, ૯.૩૦
ફેન્ટાસ્ટિક બિસ્ટ્સ (અંગ્રેજી, ૩ડી)
૭.૧૫

**સ્ક્રીન-૫**
ડિયર જિંદગી
સવારે ૧૦.૦૦
ફોર્સ-૨
૩.૪૫, ૯.૪૫
સાનસેઈન : ધ લાસ્ટ બ્રિથ
૧૨.૪૫, ૬.૪૫

### અમદાવાદ ખાતે

# ૧ થી ૧૩ જાન્યુઆરી દરમ્યાન સપ્તક વાર્ષિક સંગીત સમારોહ

ગાંધીનગર, તા. ૨૭

અમદાવાદમાં દર વર્ષે ૧ થી ૧૩ જાન્યુઆરી દરમિયાન સપ્તક સ્કૂલ ઓફ મ્યૂઝીક દ્વારા સપ્તકના વાર્ષિક સંગીત સમારોહનું આયોજન થાય છે, જેમાં દેશભરમાંથી શાસ્ત્રીય સંગીતના દિગ્ગજો અમદાવાદના આંગણે પોતાના સંગીતની વિધાઓની પ્રસ્તુતિ કરતા હોય છે. આ વર્ષે પણ ૧ થી ૧૩ જાન્યુઆરી દરમિયાન સપ્તક સંગીત સમારોહનું આયોજન કરવામાં આવ્યું છે, જેની થીમ વૈવિધ્ય રાખવામાં આવી છે. તેમજ આ વખતનો સમારોહ પંડિત ઓમકારનાથ ઠાકુરની ૫૦મી પૂણ્યતિથિનું વર્ષ હોવાથી તેમને સમર્પિત કરવામાં આવ્યો છે.

આ અંગે વાત કરતાં જાણીતા સિતારવાદક અને સપ્તક સ્થાપક મંજૂ મહેતાએ જણાવ્યુ છે કે, 'આ વખતે દરેક ધૂરંધરો આવી રહ્યા છે. છેલ્લા એક બે વર્ષમાં ન આવી શકેલા કલાકારો પણ આ વખતે આવી રહ્યા છે. એટલે આ વખતે ઉત્તર ભારતીય ગાયન અને વાદનની દરેક વિધાઓ (શૈલીઓ), દક્ષિણ ભારતીય શાસ્ત્રીય સંગીતની વિવિધ વિધાઓના કલાકારો આવશે તેમજ સૂરબહાર અને વીણા જેવા ભૂલાઇ રહેલાં વાદ્યોના ધૂરંધર કલાકારો પણ આ વખતે આવી રહ્યા છે. તેથી એવું કહી શકાય કે, આ વખતનો સંગીત સમારોહ એક સંપૂર્ણ સંગીત સમારોહ બની રહેશે.'

આ અંગે સપ્તકના ટ્રસ્ટી પ્રફુલ અનુભાઈએ જણાવ્યું કે, 'આ વખતનો સંગીત સમારોહ પંડિત ઓમકારનાથ ઠાકુરને સમર્પિત રાખ્યો છે, જેમણે ૧૫ ઓગસ્ટ, ૧૯૪૭ના આઝાદી પછીના દિલ્હીના પ્રથમ ધ્વજવંદન વખતે સરદાર અને નહેરુના ખાસ આમંત્રણથી લાલ કિલ્લા પર 'વંદે માતરમ' રજૂ કરેલું. અમે દેશભરમાંથી એમના અલભ્ય અને કેટલાક લોકોના અંગત કાર્યક્રમોની પંડિત ઓમકારનાથ ઠાકુરના રેકોર્ડિંગ્ઝ મંગાવ્યા છે. જે સમારોહ દરમિયાન દરરોજ વગાડવામાં આવશે. તેમજ ૨૦ ચૂંટેલા રેકોર્ડિંગ્ઝની એક ડીવીડી તૈયાર કરવામાં આવી છે. હાલ પં. ઠાકુરના માત્ર એક શિષ્ય હયાત છે, એન.રાજમ. તેમના હસ્તે સાત જાન્યુઆરીના રોજ વિમોચન થશે.'

દર વર્ષે સમારોહના ભાગરૂપે પંડિત બિરજૂ મહારાજના શાસ્ત્રીય કથક નૃત્યની પ્રસ્તુતિ તો હોય જ છે, એમ જણાવતાં તેમણે ઉમેર્યું હતું કે આ વખતે અમે શહેરની સ્થાનિક નૃત્ય સંસ્થાઓને પણ આ સમારોહ સાથે સાંકળી છે. તેમના પોતાના વિવિધ ફેસ્ટિવલ્સ હોય જ છે, પરંતુ આપણે જ્યારે આટલા મોટા પાયે કોઈ આયોજન કરતાં હોઈએ ત્યારે સ્થાનિક કાલાકોરોને પણ સ્થાન મળવું જોઈએ. તે હેતુથી આ વખતે ભરતનાટ્યમ માટે દર્પણ તેમજ કથકની કુમુદિની લાખિયાની સંસ્થા કદમ્બ અને ઈશિરા તેમજ મૌલિક પરિખની સંસ્થા આનર્તના કલાકારો પણ નૃત્ય પ્રસ્તુતિ કરશે.

# જીટીયુને પદવીદાન સમારંભ પહેલાં નવા કુલપતિ મળે તેવી સંભાવના

ગાંધીનગર, તા. ૨૭

ગુજરાત ટેકનોલોજિકલ યુનિવર્સિટી (જીટીયુ)ના નવા કુલપતિ તરીકેની નિમણૂક માટે રચાયેલી સર્ચ કમિટીની બેઠક ડિસેમ્બરમાં બીજા સપ્તાહ સુધીમાં બોલાવવામાં આવશે. સરકાર દ્વારા વહેલામાં વહેલી તકે જીટીયુના કુલપતિની નિમણૂકની પ્રક્રિયા પૂરી થાય તેવી કાર્યવાહી કરવા તાકીદ કરવામાં આવતાં હવે જાન્યુઆરીમાં પદવીદાન સમારંભ થાય તે પહેલા નવા કુલપતિની નિમણૂકની પ્રક્રિયા પૂર્ણ કરી દેવામાં આવે તેવી સ્થિતિ જોવા મળી રહી છે.

રાજયની સૌથી મોટી ગણાતી ટેકનોલોજિકલ યુનિવર્સિટીના કુલપતિ બનવા માટે હાલ ટેકનિકલ એજ્યુકેશન સાથે સંકળાયેલા પ્રિન્સિપાલ અને પ્રોફેસરોમાં રીતસરની સ્પર્ધા જોવા મળી રહી છે. સૂત્રો કહે છે ઈન્ચાર્જ કુલપતિથી લઈને સરકારી કોલેજોના પ્રિન્સિપાલ પણ કુલપતિની રેસમાં છે. બીજીબાજુ કાયમી કુલપતિ ન હોવાના કારણે અનેક નીતિ વિષયક નિર્ણયો લઈ શકાતા નથી. આ સ્થિતિમાં તાજેતરમાં સરકાર એટલે કે શિક્ષણ વિભાગ દ્વારા જીટીયુના કુલપતિની નિમણૂકની પ્રક્રિયા વહેલી તકે પૂરી કરવા સૂચના આપવામાં આવી છે. જેના કારણે હવે આગામી માસના પહેલા અથ?વા તો બીજા સપ્તાહમાં ફરીવાર સર્ચ કમિટીની બેઠક બોલાવવાનું નક્કી કરાયું છે.

અગાઉ એક બેઠક મળી હતી પરંતુ તેમાં કોઈ નિર્ણય કરાયો નહોતો. સૂત્રો કહે છે યુનિવર્સિટી સાથે એક યા બીજી રીતે સંકળાયેલા તમામ તજજ્ઞોએ હાલ કુલપતિ બનવા માટે રીતસરનું લોબિંગ શરૂ કર્યું છે. યુનિવર્સિટીમાં ચાલતા એક કોર્સના એડવાઈઝર પર કુલપતિ બનવાની રેસમાં લાગી ગયા છે. સામાન્ય રીતે ઈન્ચાર્જ કુલપતિ તરીકે કોઈપણ વ્યકિતની નિયુક્ત થાય તે વધુમાં વધુ છ માસ સુધી કામગીરી કરી શકતા હોય છે. જીટીયુના પૂર્વ કુલપતિ ડૉ. અક્ષય અગ્રવાલ નિવૃત્ત થયા બાદ ચાંદખેડા ઈજનેરી કોલેજના પ્રિન્સિપાલ રાજુલ ગજ્જરને હાલ ઈન્ચાર્જ કુલપતિનો ચાર્જ સોંપવામાં આવ્યો છે. સૂત્રો કહે છે હવે છ માસ જેટલો સમય થાય તે પહેલા નવા કુલપતિની નિમણૂક કરી દેવામાં આવશે. આગામી દિવસોમાં યુનિવર્સિટીનો પદવીદાન સમારંભ આવી રહ્યો છે. હાલમાં આ સમારંભ માટેની આમંત્રણ પત્રિકાથી લઈને જુદા જુદા કામો માટે ટેન્ડરો બહાર પાડવામાં આવ્યા છે. પદવીદાન સમારંભ માટેની પત્રિકાઓમાં કુલપતિનો મેસેજ છાપવામાં આવતો હોય છે. સૂત્રો કહે છે વર્તમાન ઈન્ચાર્જ કુલપતિનો મેસેજ છાપવો કે નવા કુલપતિ આવે તેની રાહ જોવી તે મુદ્દે પણ હાલ દ્વિધાભરી સ્થિતિ ઊભી થઈ છે. જેના કારણે હાલ થોભો અને રાહ જુઓની નીતિ અપનાવવામાં આવી રહી છે.

## એવાં કર્મ કરો જેનાથી બંધનમુક્ત રહી શકો

ગાંધીનગર, તા. ૨૭

તમને પરમાત્માએ જે શક્તિઓ આપી છે, તેનો માત્ર સ્વાર્થ માટે જ નહીં, પરમાર્થ માટે, પરોપકાર માટે ઉપયોગ કરવો જોઈએ અને તેને જ 'સ્વધર્મ' કહી શકાય છે, એમ ધર્મોપદેશક પૂ.ભૂપેન્દ્રભાઈ પંડ્યાએ શનિવારે 'ગીતા જીવન સંહિતા'નાં અંતિમ દિવસે ગુજરાત યુનિવર્સિટી કન્વેન્શન હોલ ખાતે જણાવ્યું હતું.

ગીતા જીવન સંહિતામાં શનિવારે શિવાનંદ આશ્રમનાં અધ્યક્ષ, સ્વામી અધ્યાત્માનંદજી ખાસ ઉપસ્થિત રહ્યાં હતાં અને તેમણે ભૂપેન્દ્રભાઈને ધર્મ અને પર્યાવરણને સાંકળતા બોરસલીનો એક છોડ ભેટ કર્યો હતો.

# બાળપણના દિવસોએ મને મિત્રની કાયમી અમૂલ્ય ભેટ આપી

**સંવેદના**
**મારું મધુરું બાળપણ**

મારું બાળપણ વિત્યું સુરેન્દ્રનગર જિલ્લાના પાટડી તાલુકાના આદરીયાણા ગામે.

હું ભણવામાં હોંશિયાર તેમ છતાં મને સ્કૂલે જવાનું ન ગમતું. નિશાળ મને હંમેશાં જેલ જેવી લાગતી હતી. તેમાંથી જ્યારે જ્યારે મુક્તિ મળતી ત્યારે મન મોર બની નાચવા લાગતું. તહેવારોની રજાઓ પેરોલની ગરજ સારતી. તહેવાર એ કોઈપણ હોય - એને ઉજવવાનો હરખ માતો નહીં. ઉત્તરાયણ આવે એના મહિના અગાઉથી પતંગ ચગાવવાનું ચાલુ કરી દેતા. દિવાળી અઠવાડિયા પહેલાંથી ચાલુ થઈ જતી. મનમાં કંઈ-કંઈ લડ્ડુઓ ફુટતા. ક્યારે દિવાળી બેસે અને બેસતું વર્ષ આવે ને ક્યારે નવાં નવાં કપડાં પહેરી લઈએ ! ક્યારે મીઠાઈઓ ખાઈ લઈએ અને બધાંને મળવા જઈએ તેનો ભારે ઈંતઝાર રહેતો. દિવાળીના દિવસે ભૂતનાથ દાદાના ચોરે મેરાયું (એક જાતની મશાલ) મૂકવા જતા અને નવરાત્રિમાં એક થાળીમાં માટીનો નાગ બનાવી આઠ-દસ ભેરૂઓ ગોગા... ગોગા... બાવનજી... હાથમાં સોનાનું તીર.... એવું ગાતાં-ગાતાં બે-ત્રણ શેરીઓ ફરી વળતાં, તેમાં મળેલા દાણા ચબૂતરે નાંખી આવતાં.

વૅકેશનમાં મારાં બા અમને મોસાળ લઈ જતાં. મારા ગામ પછી જો બીજું કોઈ ગામ મને પોતાકું લાગ્યું હોય તો એ મારું મોસાળીયું. અહીં હું આખા ગામનો ભાણેજ હતો. જ્યારે રમવા બહાર નીકળું ત્યારે કેટલાય 'ભાણભૈ આવી ગ્યા' એવી સ્નેહથી પૃચ્છા કરતાં. આ માનપાન સાચું કહું તો મને ખૂબ ગમતું. મારા મામાની ખેતીવાડી મોટી હતી. એક જ શેઢે જોડાજોડ ચાર ખેતરો હતા. આ ખેતરોને તેઓ પાધેડું કહેતા. આ પાધેડે જવા મારું મન હંમેશાં ઉત્સાહિત રહેતું. આ જ મારું નંદનવન હતું અને આ જ મારી ફુલવાડી હતી. અહીં હું ખરેખર પ્રકૃતિના ખોળે બેસી જતો. અફાટ ખુલ્લું નીલરંગી ગગન અને તેમાં કતારબંધ તેમજ સમૂહમાં ઉડતાં જાણ્યાં-અજાણ્યાં પંખીઓનો કલરવ, પશુઓ, પ્રાણીઓ, સૂર્ય, ચંદ્ર, તારાઓ, સરિસૃપો, વૃક્ષો... પ્રકૃતિનાં કંઈ કેટલાંય તત્ત્વો અને સ્વરૂપોની મને પિછાણ થઈ. ખરું કહું તો પ્રકૃતિને પ્રેમ કરતાં હું અહીંથી શીખ્યો. આ પાધેડામાં વૃક્ષોની શીળી છાંય નીચે બેસીને આરોગેલા બાજરીના રોટલા, ચણાની દાળ, લસણની ચટણી અને એના ઉપર અમૃત જેવી છાશનો સ્વાદ આજે ભૂલ્યો ભૂલાતો નથી અને નથી ભૂલાતો મામા-મામીને એ વહાલથી ભીંજવી દેતો પ્રેમ !

**- નરેશ પંડ્યા**
**ગુજરાત વિધાનસભા**

મારું સાચું બાળપણ મારા વતન પાનસરમાં વિત્યું. અમારા એક રૂઢિચુસ્ત મોટાબાપાને સંતાન ન હોવાથી અમે બે ભાઈ તેમને ત્યાં રહેતા. તે સમય ગામનાં હરિજન બાળકોને શાળામાં સાથે બેસી ભણાવવાનો નિર્ણય લેવાયેલો. અમે શાળાએથી છૂટીને ઘેર જઈએ ત્યારે અમારાં મોટાં બા કપડાં સાથે અમને માથાબોર નવડાવતાં અને પછી જ ઘરમાં પ્રવેશવા દેતાં. સમય સમયનું કામ કરે છે. આજે એ જ હરિજનો અમારા મિત્રો છે. અમે સાથે બેસીએ છીએ, જમીએ છીએ અને અમારાં કોઈનાં મનમાં ભેદભાવનો વિચાર સુદ્ધાં નથી આવતો.

એક દિવસ હું પતંગ ચગાવતો ઉલટી દિશામાં જઈ રહ્યો હતો. દૂધ લઈને આવતો એક છોકરો મને ભટકાયો. તેનું દૂધ ઢળી ગયું. મારા મોટાબાપા કડક સ્વભાવના હતા, પેલો તેમને ફરિયાદ કરવા ગયો. તો બાપાએ તેને ધમકાવીને રવાના કર્યો. મતલબ કે વડીલો આપણને રક્ષણ આપતા, સહાયભૂત થતા. આવો જ અનુભવ મોટા થયે સરકારી નોકરીમાંય થતો. બીજાની સામે આપણા સાહેબો આપણી સામે ઢાલ બનીને ઉભા રહેતા, આપણું રક્ષણ કરતા હતા.

અમદાવાદ મ્યુનિસિપલ શાળામાં પ્રાર્થના ગવડાવાતી. હું અને મારો એક મિત્ર ગોકળદાસ 'હરીને ભજતાં હજી કોઈની લાજ' ભજન ગવડાવતા. ત્યારથી અમે આજીવન મિત્રો થયા. આર્થિક અસમાનતા હોવા છતાં જીવનભર એ સંબંધો રહ્યા. ઘરના જ સભ્યની જેમ સંબંધો વિકસ્યા. અભ્યાસ અને આવકનાં સાધનો બદલાયાં છતાં તેમાં કોઈ રુકાવટ ન આવી. બાળપણના શરૂઆતના દિવસોએ મને મિત્રની કાયમી અમૂલ્ય ભેટ આપી.

**- નટુભાઈ પી ગજ્જર**
**સેક્ટર-૨૯**

પાંચ વર્ષ સુરતના સોનગઢ-વાઘછીપામાં વાલીફોઈના ખોળામાં બચપણ વિત્યું. હાફુસ અને તોતા કેરીની સુગંધ હજુ પણ શરીરમાં અડીખમ છે. છઠ્ઠા વર્ષે ગોધરા અને કાંકણપુર આવ્યાં. ઘરડાં બા, મોટીબા, મોટાં કાકી, સુરીફોઈ સવારમાં ભજન ગાતાં. ઘરનું આંગણું અને વાડો વાળતાં ગવાતાં એ ભજનો હજુ કાનમાં રણકે છે. ફોઈબાની એક ગાય, નામ એનું બબલી બટાકી. તેનું દૂધ સવાર-સાંજ ફોઈબા ટોઈલીથી પીવડાવતાં. ગિલ્લી-દંડા, હુતૂતૂતૂ, ખોખોની રમતો વૅકેશનમાં રમવા મળતી. ફૂલો કાકો ટાબરિયાંને બાલમંદિર લઈ જતો. પગથિયાં ચડતાં ચીમન-ચંદુ ચારભાઈ, ઘંટડી વગાડ ભાઈ... ગીત ગાતાં. જાંબુ-જોલી પારસી ભાઈ-બહેન ગાલે ચીમટો ખણતાં લોહીની ટશરો દેખાતી. નમસ્તે સદા વત્સલે માતૃભૂમિની પ્રાર્થના કરતાં રતુમડાં મિત્રો પણ કેવાં ! ત્રણ-ત્રણ ઊર્મિલાઓ, બબ્બે શારદાઓ, ત્રણ-ત્રણ ભોપાઓ. પરીક્ષામાં એકબીજાની નોટબૂક્સમાં ડોકિયું કરતાં હજુ પણ નજરે ચડે છે. ગોધરાની મેસરી નદીના પાણીમાં છબછબિયાં કરતાં નિશાળે જતાં અને સાંજે ધક્કામુક્કીમાં પલળતા શરીરે ઘેર દોડતાં, ત્યારે મમ્મીનો મેથીપાક મળતો. નાનપણમાં દેખાતી ઝુબેદા હવે તો દુબઈ છે પણ સોને મઢેલા મકાનને ઓટલે બેઠેલી હજુ દેખાય છે !

**- જે ડી દવે**
**સેક્ટર-૭ ડી**

ગાંધીજીના અંતેવાસી સ્વામી આનંદનું ગામ એ જ મારું ગામ - શિયાણી, સુરેન્દ્રનગર.

બાળપણમાં પાદરમાં વહેતી ભોગાવો નદીના પટમાં અમે દર શનિવારે પ્રવાસ યોજતા. નદીની રેતીમાં દાળિયા મેળવીને વીણી-વીણીને ખાતાં અને અંતકડી રમતાં. સાંજે આવી મંદિરમાં જઈ આરતી બોલતાં અને પ્રસાદની રાહ જોતાં. પ્રસાદ લઈ ઘેર જતાં. ગામની બાજુમાં જ તળાવ. તળાવની વચ્ચે એક ટેકરી, ૪૦૦ મીટર દૂર. અમે તરતાં-તરતાં ત્યાં પહોંચી જતાં ત્યારે અમને એવરેસ્ટ સર કર્યાનો આનંદ મળતો.

પિત્તળના છાલિયામાં કોલસા નાખી છાલિયું ગરમ થાય ત્યારે અમે એનાથી ઈસ્ત્રી કરતાં. બાજુમાં તેલ ઘાણી. ખોળ અને ગોળ ખાવાની બહુ મજા આવતી.

ગામમાં તાલુકા પંચાયતની જીપ આવે ત્યારે જીપનો અવાજ સાંભળીને ઘણાં જોવા ટોળે વળતાં, અમે તો જીપની પાછળ પાછળ ગ્રામ પંચાયત સુધી દોડતાં ને જીપમાં બેસવાનો આનંદ અમને મળી જતો. કબડ્ડી, મોઈદાંડિયો અને ભમરડાંની રમત અમે રમતાં. શિક્ષકો હોલીબોલ રમતાં. અમે નાના, અમને રમાડે નહીં પણ દડો બાઉન્ડ્રી બહાર જાય તો અમે દોડીને તેમને આપતાં, એમાંય અમને આનંદ મળતો.

**- મહેન્દ્રભાઈ રાઠોડ**
**સેક્ટર-૨ બી**